## આંબાભાઈ માટે તીખા મરચાંની ખેતી મીઠી પૂરવાર થઈ

- **સવા વિઘામાં અઢી લાખ રૂપિયાની આવક મેળવતા શ્રી આંબાભાઈ**

ખેતીમાં આપણે મગફળી, ઘઉં, દિવેલા, બાજરી, તલ જેવા પાકો પર મોટો મદાર રાખી વધુ આવક મેળવવાની અપેક્ષા રાખતા હોઈએ છીએ. આવા પાકોને જમીન પણ વધુ ફાળવતા હોઈએ છીએ. પરંતુ ઘણીવાર સામાન્ય ગણાતા પાકો પણ આપણને વધુ આવક આપતા હોય છે. આવા સામાન્ય પાક વાવી સારી આવક મેળવે છે. ટંકારા તાલુકાના હડમતીયા ગામના શ્રી આંબાભાઈ જીવાભાઈ સીણોજીયા. પંચાવન વર્ષના આંબાભાઈ દસ વિઘાના એક ખેતરમાં કપાસ વાવે છે. આ જમીનમાં તેમણે ટપક પિયત પધ્ધતિનો સેટ ફીટ કરાવ્યો છે તેથી સઘળું પિયત ટપક પધ્ધતિથી આપે છે. એક કૂવો છે, તેનાથી પિયત કરે છે. આમ, પાણી પ્રમાણમાં ઓછું છે. તેઓ કહે છે કે ટપક પિયતથી કપાસ વિઘે ૩૦ મણ ઉતરે છે.

ચોમાસામાં તેઓ બીજા ખેતરમાં પણ કપાસ વાવે છે. અહીં પણ કૂવાના પાણીથી પિયત આપે છે. આ ખેતરમાં ટપક પિયત પધ્ધતિ વસાવેલ ન હોવાથી તેઓ ધોરીયા– નીક દ્વારા રેલાવીને પાણી આપે છે. તેઓ કહે છે કે આ કપાસનું વિઘે ૨૫ મણનું ઉત્પાદન મળે છે. શ્રી આંબાભાઈ કહે છે કે ટપક પિયત પધ્ધતિથી ઘણા ફાયદા થાય છે. ઉત્પાદનમાં જ પાંચ મણનો વધારો થયો તે નજરે જોઈ શકાય તેવો ફાયદો જ ગણાય ને ! કૂવા કે બોરમાં પાણી જો ઓછું હોય તો સૌએ ટપક પિયત પધ્ધતિ જ અપનાવવી જોઈએ. તેઓ કહે છે કે આ પિયતને લીધે ખાતર નાખવાનો ખર્ચ ઘટે છે. આંતરખેડનું પ્રમાણ ઘટી જાય છે. છોડને મૂળ પાસે જ પાણી મળતું હોવાથી નિંદામણ પણ થતું નથી, તેથી નિંદામણનો ખર્ચ પણ ઘટે છે. વળી, પાકને જરૂરત મુજબની અવસ્થાએ પાણી મળે છે એટલે ઉત્પાદન પણ સારું આવે છે. આમ, ઓછા ખર્ચે વધુ આવક મેળવવા ટપક પિયત પધ્ધતિ શ્રેષ્ઠ છે.

મિત્રો, આંબાભાઈની ખેતીમાં રસ પડે તેવી વાત તો હવે આવે છે. બે વર્ષથી તેઓ મરચા વાવે છે. તેમણે માત્ર સવા વિઘામાં મરચી વાવી હતી. ટપક પિયત પધ્ધતિથી તૈયાર કરેલ આ મરચીનું તેમને મબલક ઉત્પાદન મળ્યું. સવા વિઘામાંથી લગભગ ૫૦૦ થી ૭૦૦ મણ મરચા ઉતાર્યા. જે સરેરાશ રૂા. ૪૦૦/–ના મણનાં ભાવે વેચાણા. આમ સવા વિઘામાંથી કુલ રૂપિયા અઢી લાખની આવક થઈ. વળી, પાંચ જ માસમાં આ પાક તૈયાર થઈ ગયો. જમીન ખાલી થઈ ગઈ. આ આવકથી પ્રેરાઈ તેમણે બે એકરમાં શિયાળુ મરચી વાવી. તેઓ કહે છે કે નવો પાક લેવાનું માર્ગદર્શન અમોને તરઘડીયા ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તરફથી મળતું રહે છે. કપાસનો પાક લેવાયા બાદ જો પાણીની સગવડ હોય તો તેઓ જીરૂ વાવે છે, પરંતુ અત્યારે તો આંબાભાઈને તીખા મરચાની ખેતી મીઠી આવક આપનારી પુરવાર થઈ છે.